# દાસી ઝબુબાઈની ભજનવાણીમાં વ્યક્ત થતો ગુરુમહિમા

કેવલ પ્રવીણભાઈ ચાંવડા[1], ડૉ. દલપત ચાવડા[2]
[1] એમ. એ., Research Scholar, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
[2] માર્ગદર્શક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.
doi.org/10.64643/IJIRTV12I8-191063-459

મધ્યકાલીન ભારત અને ગુજરાતની આ સંતપરંપરા તથા ભક્તિ પરંપરાના અર્ક સમાન સાહિત્ય રાશિમાં આ કવયિત્રીનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. આ સંતપરંપરામાં વિસેક કવયિત્રીઓએ સમર્થ યોગદાન આપ્યું છે. તેમાંથી ૧૯ જેટલા કવયિત્રીઓને વૈધવ્ય પ્રાપ્ત થયેલું હતુ. ને પછી ભક્તિ સાધના એ જ એમના જીવનનું ધ્યેય બનેલું નજરે પડે છે. આ ભૂમિ પર રૂપાદે, દેવળદે,સતી લોયણ, સતી તોરલ, લીરલબાઈ, ગંગાસતી ,પાનબાઈ, લીલમબાઈ, અમરબાઈ અને દાસી ઝબુબાઈ વગેરે મહાન કવયિત્રીઓ થઈ ગયા. તેમાં ગંગાસતી ,પાનબાઈ ,પંખીબાઈ અને ઝબુબાઈ વગેરે કવયિત્રીઓનો સમયગાળો ઈ.સ ૧૮૫૦ પછીનો એટલે કે અર્વાચીનનો છે. પરંતુ કવિતા-પદ- ભજનનું અંતરંગ મધ્યકાલીન પરંપરાનું છે. તેથી રૂઢિગત તેમની આ રચનાઓ મધ્યકાલીન ગણાય છે. દાસી ઝબુબાઈનો સમયગાળો પણ ઈ.સ. ૧૮૯૫ થી ઈ.સ. ૧૯૪૨ સુધીનો રહેલો છે. તેથી તેમની ભજન રચના અર્વાચીન સમયમાં હોવા છતાં તેમના ભજન અને પદોનું આંતર જગત ભક્તિ-જ્ઞાન-ગુરુમહિમા વ્યક્ત કરે છે. દાસી ઝબુબાઈની પદ રચનાઓમાં પરમસત્ય,ગુરુમહિમા અને ભક્તિ-જ્ઞાનનો મહિમા રહ્યો છે. દાસી ઝબુબાઈ પીપળીધામના પ.પૂ.સદગુરુ સવારામ બાપાના શિષ્ય હતા. તેમની ગુરુ પરંપરામાં પોતાને થયેલી અલૌકિક અનુભૂતિને સગુણ-નિર્ગુણ ભાવોથી ભજન-પદ આપનાર અને મધ્યકાલીન સંતપરંપરાના ૧૯મી સદીના પૂર્વાધમાં પ્રદાન અર્પનાર દાસી ઝબુનું યોગદાન અનન્ય અને અદ્વિતીય રહ્યું છે. સ્ત્રી કવયિત્રીઓમાં દાસી ઝબુબાઈ માત્ર એક જ એવા કવયિત્રી છે કે જેમણે અંગ્રેજી ચાર ચોપડીનું શિક્ષણ મેળવેલું હતું. મધ્યકાલીન સાહિત્યના સંતપરંપરાના ભક્ત કવયિત્રીઓમાં દાસી ઝબુબાઈ ભજન પરંપરાના છેલ્લા મહત્વના કવયિત્રી રહેલા છે.

## I. દાસી ઝબુબાઈનો સંક્ષિપ્ત જીવન પરિચય :-

પીપળીધામમાં સવારામ બાપાની સુપ્રસિદ્ધ જગ્યા આવેલી છે. પ.પૂ. સવારામ બાપા ગૃહસ્થિ સંતવર્ય રહેલા હતા. સવારામ બાપા રામદેવજી મહારાજના પરમ ઉપાસક અને અનુભૂતિથી દર્શન કરનારા પવિત્ર, તેજસ્વી, ભજનાનંદી મહાપુરુષ રહેલા હતા. તેમની શિષ્યા દાસી ઝબુબાઈ રહેલા છે. તો તેમના જીવનનો આપણે સંક્ષિપ્ત પરિચય મેળવી. સંત કવયિત્રી દાસી ઝબુબાઈનો જન્મ બજાણામાં નાઈ વાળંદ ભગત પુંજાભાઈને ત્યાં થયેલો. તેમની માતાનું નામ ડોશીમા હતુ. બંને દંપતિ ધર્મવાન અને ગુણવાન રહેલાં હતાં.પૂર્વ જન્મના કંઈક પુણ્યના બળે તેમને ત્યાં દેવી દિકરી દાસી ઝબુબાઈનો જન્મ થયેલો. બાળપણથી ઝબુબાઈ ધર્મ ભક્તિના રંગે રંગાયેલા હતા. બજાણા સ્ટેટ હોવાના કારણે તેઓએ અંગ્રેજીનો ચાર ચોપડી સુધીનો અભ્યાસ કરેલો.

ઝબુબાઈના ૧૨ થી ૧૫ વર્ષની ઉંમરે વિરમગામ તાલુકાના માંડલમાં તેમના લગ્ન થયેલા હતા. સફળ

 ISSN: 2349-6002

દાંપત્ય જીવનના ફળ રૂપે પુત્રની પ્રાપ્તિ થઈ હતી. પુત્રના જન્મ પછી બે-ચાર વર્ષમાં તેમના પતિનું અવસાન થતાં તેમને વૈધવ્યયોગ પ્રાપ્ત થયેલો. ત્યાર પછી ઝબુબાઈને પુત્રને લઈને બજાણા પોતાના પિતૃગૃહે રહેવાનું બનેલું. બાલ્યવસ્થામાં ચાર ચોપડી અંગ્રેજી શિક્ષણ મેળવેલું તેથી સ્વમાનભેર તેઓ સ્વાવલંબી જીવન મેળવવા માટે બજાણા સ્ટેટમાં રાજકુરીઓને શિક્ષણ-ભણાવવા માટે જતાં હતાં. ઝબુબાઈને સંસારનું બંધન દુઃખ રૂપ લાગતું હતું. દાસી ઝબુના અંતઃકરણમાં ભક્તિની પ્રબળ ઝંખના લાગેલી હતી. તેમના ભાગ્યોદયની ચરમસીમાં એક દિવસ પ્રાપ્ત થઈ. એક વખત બજાણામાં પ.પૂ.સવારામ બાપાની પોતાના ઘરની બાજુમાં જ પધરામણી થયેલ. પોતાના ઘરની બાજુમાં જ સવારામ બાપાનો રાત્રે સત્સંગ સ્પષ્ટ સંભળાતો હતો . ઝબુબાઈ એકાગ્ર થઈને આ સત્સંગ સાંભળી રહ્યા હતા. સવારામ બાપાના તેમને પ્રત્યક્ષ દર્શન ન કર્યા હતા.માત્ર સત્સંગ સાંભળ્યો હતો. તે સત્સંગથી તેમના મનમાં એવો અલૌકિક પ્રકાશ પડ્યો કે આ જે જ્ઞાન આપી રહ્યા છે તે પરમ તત્વની અનુભૂતિ વાળું છે. પોતાના પિતા આ સત્સંગમાં રાત્રે ગયા હતા. પિતાજી રાત્રે ઘેર આવ્યા પછી ઝબુબાઈ પોતાના પિતાને આ સત્સંગ વિશે પૂછે છે: એ કોણ હતા? મહાન સંત પુરુષ છે? પિતા જવાબ આપતા કહે છે- કે તે પીપળીના રહીશ પ્રજાપતિ જ્ઞાતિના સદગુરૂ સવારામ ભગત છે. અને જે ભજનો વિશે તેમણે સત્સંગ કર્યો તે તેમના સ્વરચિત ભજનો છે. પિતાની આજ્ઞા લઈને ઝબુબાઈ સત્સંગ સાંભળવા માટે ગયા હતા. સત્સંગ દરમિયાન ઝબુબાઈ જેની શોધ કરી રહ્યા હતા. તેવા ગુરુમૂર્તિનું જાણે પ્રત્યક્ષ દર્શન થયું હોય તેવી અનુભૂતિ તેમને થયેલી. જેમ-જેમ સત્સંગ પ્રાપ્ત થતો ગયો તેમ-તેમ ઝબુબાઈનું હૃદય પરિવર્તન થઈ પરબ્રહ્મની પ્રાપ્તિનો અણસાર પ્રાપ્ત થયેલો. એ સત્સંગમાં પૂજ્ય સવારામ બાપાએ 'સુરતીનો વિવાહ' પદ ગાયેલું.

સ્વયંવર સદગુરુના દેશમાં, પરણે શબ્દને સુરતા નાર,

આ પદ-ભજનનો અર્થ સાંભળીને ઝબુબાઈને સંસારના મિથ્યા સુખને બદલે સદગુરુના ચરણે બેસીને પરબ્રહ્મની પ્રાપ્તિ કરવી તે વાત દ્રઢ થઈ. દાસી ઝબુબાઈ મનોમન ભગવાનને પ્રાર્થના કરે છે. કે મારા જીવનની નૌકા આપના હાથમાં રહેલી છે. મારી આ નાવને આપ જ તારનાર રહ્યા છો. સત્સંગમાં પ્રાર્થના કરી ઘેર આવ્યા. પિતાજીની આજ્ઞા લઈને પ.પૂ સવારામ બાપાને પોતાના ઘરે પધરામણી કરાવે છે. દાસી ઝબુબાઈ પૂ. સવારામબાપાને પ્રશ્ન પૂછે છે. કે બાપા 'માયાના બંધનમાંથી મુક્ત થવાનો ઉપાય ક્યો? આ પ્રશ્નના જવાબ રૂપે સવારામ બાપાએ પરમાર્થ અને નામ સ્મરણનો મહિમા બતાવેલો. અને સદગુરૂનું ધ્યાન ધરીને ધણીની આરાધના કરવી. આમ ભજનનો મોટો મહિમા જાણીને દાસી ઝબુબાઈએ સવારામ બાપાને ગુરુ તરીકે કંઠી ધારણ કરવાની આજીજી કરેલી. પૂ.બાપાએ આપની ઈચ્છા પરમાત્મા પૂર્ણ કરશે તેવી હૈયાધારણા આપીને પીપળી ગયેલા. ફરી થોડા દિવસ પછી ઝબુબાઈ પૂ. બાપા પાસે આવીને દાસત્વભાવથી સ્વીકારવા માટે પૂ. સવારામ બાપાને વિનંતી કરતા કહ્યું : "હે સદગુરુ! આપ સિવાય મારો કોઈ આધાર નથી જેમ પૃથ્વી ગંધને છોડતી નથી, આકાશ શબ્દને છોડતી નથી , પુષ્પ ગંધને છોડતી નથી. તેમ આપના ચરણકમળથી – પ્રભુ ભજનથી અને આપની સેવાથી મને જુદી ન રાખશો "

ઝબુબાઈની આવી પરમ કારુણિક વાણી અને પ્રેમમય જિજ્ઞાષા જોઈને પૂ. સવારામ બાપાએ વેદવહિત કર્મ મુખ્ય રાખી ત્રીજું નિષ્કામ આપ્યું. જેમાં કર્મ કરતા પણ કર્મ ન લાગે એવો અમર જાપ, અજપા ગાયત્રી આપીને શિષ્ય તરીકે વર્ણી કરેલી હતી. દાસી ઝબુબાઈ સર્વ છોડીને સદગુરુ સેવામાં પીપળીધામમાં રહેવા લાગ્યા હતા. આ રીતે તેમનું જીવન ભક્તિ સાથે તન્મય થયેલું. દાસી ઝાબુબાઈ મંદિરમાં રામસાગર લઈને ભજન પણ ગાતા હતા. સદગુરૂ કૃપાથી ભજન ભક્તિની પ્રબળતાના કારણે ગુરુજીની જેમ પોતે પણ સ્વયં ભજન રચના બનાવીને

આરાધના કરતાં. સાધક તરીકેની તેમની ભૂમિકા ઉચ્ચ કક્ષાની હતી.

એક દિવસ સવંત ૧૯૯૮ ઈ.સ(૧૯૪૨) ના અધિક અષાઢ માસની વદ ૧૪ના રોજ બપોરે ૧૧:૩૦ વાગ્યે દાસી ઝબુબાઈ બજાણાથી પીપળી આવવા નીકળેલા. બજાણાથી દોઢેક ગાવ છેટે શ્રીરામદેવજી મહારાજના વિસામાની જગ્યાએ પહોંચેલા ત્યારે અનાયાસે તેમને યોગનિંદ્રાનું ઘેન થયું. ઝબુબાઈએ મનમાં રામદેવજી બાપાનું સ્મરણ કરીને આવેલી આપત્તિમાંથી ઉગારવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. અચાનક પૃથ્વી ઉપર ઢળી પડ્યા. શ્વાસ બંધ થઈ ગયા. મૃત્યુદશાને પામેલા. આ વિકટ સમયે ભગવાન જાણે ઘોડેશ્વારના રૂપમાં ત્યાં પધારેલા. રામદેવજી મહારાજે ઝબુબાઈને બોલાવ્યા પણ કશો ઉત્તર ન મળ્યો. આથી તેમણે ઝબુબાઈને બેઠા કરીને પોતાની સાથે લાવેલ સાકરપાણી ઓગાળીને એ જળ ઝબુબાઈના મુખમાં મૂક્યું અને જાણે અચાનક જ ચમત્કાર થયો અને ઝબુબાઈમાં પુનઃપ્રાણતત્વ આવ્યું. તેવો ભગવાનની કૃપાથી સજીવન થયા. તે જ સમયે અચાનક એક બળદગાડું આવ્યું. અને બંનેએ ઝબુબાઈને પીપળી પહોંચાડવાનું નક્કી કર્યું. આ સમાચાર અગાઉથી જ સવારામ બાપાને ઘોડેશ્વાર આપ્યા. તેથી સમાચાર મળતા જ સવારામ બાપા પાણીનો કળશ ભરીને ગાડાની સામે ગયા. ઝબુબાઈ ગાડામાં સુતા હતા. પૂ. બાપાએ ગાડામાં ઝબુબાઈના મુખમાં કળશનું પાણી મૂક્યું. જેથી ઝબુબાઈ વિશેષ શુદ્ધિમાં આવ્યા અને બાપાને સીતારામ કર્યા. અને ગાડામાંથી ઉતરીને પૂ. બાપા સાથે શ્રીરામદેવજી મહારાજના મંદિરે પગે લાગ્યા.

ઝબુબાઈએ ભગવાનને પોતાનો અંતિમ સમય સુધારણા માટે મનોમન પ્રાર્થના કરી. તે દિવસે રાત્રે ભજન સત્સંગનો ખૂબ જ લાહ્વો પ્રાપ્ત થયેલો .બીજા દિવસે સવારે ઝબુબાઈએ પોતાના અંતિમ સમય અંગેની જાણ થયેલી તેથી આ વાત બાપાના ધર્મપત્ની પૂ.યમુનામાને આ વાત કોઈને તમે નહીં કહો તેવા બાપાના સમક્ષ સોગંદ ખાઈને કહેલી.

દાસી ઝબુબાઈ કહે છે “બા આજે રાત્રે ૧૨ વાગે મારે દેહ છોડવાનો છે, મારા દેહમાંથી મુક્તિ થાય ત્યારે આકાશમાં મોટો નાદ થશે. આ નિશાની આપ યાદ રાખજો. તમે આ વાત પૂ. સવારામ બાપાને ન કરતા. કેમ કે આ વાતની તેમને જાણ થઈ જાય તો તે મારા પહેલા સતલોકમાં સિધાવશે તેથી એમ ન બને માટે મારા વિદાય પછી જ ગુરુ મહારાજને કહેશો. હું મારા સ્વરૂપમાં લીન રહેલી છું.”

આ રીતે યમુનામાને આ વાત જણાવીને, ઝબુબાઈ આનંદપૂર્વક સત્સંગ કરવા લાગ્યા .તે રાત્રે પ્રસાદ લીધા પછી બે કલાક સત્સંગ કરીને સૌ નિંદ્રાધીન થયા. પણ માત્ર ઝબુબાઈ અને યમુનામાં જાગતા હતા. બરાબર રાત્રે ૧૨ વાગે ગેબીનાદ સંભળાયો. નાદ સંભળાતા યમુનાબા ઝબુબાઈની પાસે આવ્યા. તો ઝબુબાઈ અવાચક અવસ્થામાં જોવા મળ્યા. પૂજ્ય બાપાને જગાડ્યા. તેમણે જોયું તો શ્વાસ છૂટી ગયો હતો. સૌ સેવક ભક્તોને બોલાવવામાં આવ્યા ઝબુબાઈનો આત્મા વ્યાપક ચેતનામાં વિલીન થઈ ગયો હતો.

અગાઉથી જ ઝબુબાઈએ પૂ. બાપા પાસે વચન લીધેલું તે પ્રમાણે ‘પૂ. બાપાના ચરણમાં મારો દેહ છૂટવો જોઈએ. આપના ભેગી જ મારી સમાધિ હોવી જોઈએ.’એ પ્રમાણે બાપાએ પણ સુભાષિશ આપેલા કે ‘આપની ઈચ્છા હશે તો રામાબાપા જરૂરથી ફળીભૂત કરશે.’ આ રીતે ઝબુબાઈએ બીજી વખત દેહ છોડીને આ લોકમાંથી સતલોકમાં પ્રયાણ કરેલું. આ ઘટનાથી પૂ. સવારામ બાપાએ અત્યંત દુઃખ થયેલું .તે કહેવા લાગ્યા: ‘હે સતી તમને ધન્ય છે તમે જ ભજનમાં આ ભાવ વ્યક્ત કર્યો છે.’

જુગ જુગ જોડી અમર રાખો હવે સાહેબ કાંડુ ન છોડ,

ભેગી સમાદ્દુને ભજન તમારું કિરતાર પૂરજે કોડ...સાચા રે સંતો

તો તમે જેવું કહેલું તેવું કરી બતાવ્યું તમારી નેકી, ટેકી, રહેણી, કરણી સાચો રંગ તથા અડગ વૃત્તિને ધન્ય છે. તમે સદગુરુનો સંગ આખર લગી છોડ્યો નહીં.તેમની ચેતનાનું સ્મરણ કરતાં કરતાં સવાર પડ્યું.

દાસી ઝબુબાઈના સતલોકવાસના સમાચાર સર્વ ભક્તો-સેવકોમાં ફેલાઈ ગયા. સૌ અંતિમવિધિની તૈયારી કરી રહ્યા હતા. પૂ. સવારામબાપા તથા તેમના મોટા સુપુત્ર શ્રી નાનજીભાઈ ઝબુભાઈના પલંગની પાસે બાજુમાં બેઠા હતા. તે સમયે અચાનક ઝબુબાઈના મૃતદેહે સૂતા-સૂતા જ પોતાના વસ્ત્રોમાંથી હાથ બહાર કાઢ્યા. બંને હાથ જોડીને ઉંચા કરી અંતિમ સીતારામ કર્યા. આ પ્રકારની ઝબુબાઈની દિવ્યચેતના અને ચમત્કારથી તેમની ઉચ્ચકોટીની ભૂમિકાનો ખ્યાલ આવ્યો .પૂ. બાપાએ તથા તેમના પુત્ર નાનજીભાઈએ દાસી ઝબુબાઈના ઊંચા થયેલા બંને હાથોને પકડીને ધીમે ધીમે નીચે મૂક્યા.

આ રીતે ઝબુબાઈએ દોઢ દિવસ અને દોઢ રાત સત્સંગ કરીને બે વખત સજીવન થઈને સૌને સીતારામ કરીને ત્રીજી વખત દેહ છોડ્યો .તેમને ત્રણ વખત આ રીતે સતલોકનું દર્શન કરી સત્ બતાવેલું. નાશવંત શરીર પંચમહાભૂતમાં વિલીન થયું. તેમની ઈચ્છા પ્રમાણે શ્રીરામદેવજી બાપાના મંદિરની બાજુમાં ફુલ સમાધી આપવામાં આવી. ઝબુબાઈની સતલોકયાત્રા દેહ-ત્યાગની ઘટના અને તેમની આધ્યાત્મક જીવનલીલાનો અને સતીત્વની સતલીલાની ઘટના પૂ.સવારામ બાપાએ પદ-ભજન દ્વારા વ્યક્ત કરેલી જોવા મળે છે.

આ કઠણ કળજુગ ની માંહી ,તમે સત બતાવ્યું સતી,
ઝબુ ઝબકાર તહ્યો વીજનો, તેમાં પોરવી લીધું તે મન મોતી,

### II. દાસી ઝબુબાઈની ભજનવાણીમાં વ્યક્ત થતો ગુરુમહિમા :-

દાસી ઝબુબાઈની પદ-ભજન રચનાઓ છૂટક છૂટક રૂપે પોતાના સદગુરુ સવારામ બાપનો ગ્રંથ 'બ્રહ્મનિષ્ઠ ભક્ત સવારામ કૃત કાવ્ય'માં મળી આવે છે. દાસી ઝબુબાઈએ ૧૮ જેટલી રચનાઓ આપી છે. દાસી ઝબુબાઈએ તેમના સદગુરુ પૂ. સવારામ બાપાના ગ્રંથનું સંપાદન કર્યું છે. અને તેમની તેમાં પોતાની થોડીક ભજન રચનારઓ મૂકીને સદગુરુ પ્રત્યેનો મહિમા પ્રગટ કર્યો છે. તેમની ભજન રચનાઓ લોકકલાકારોમાં અતિ ભાવપ્રિય રીતે ગવાઈ રહેલી જોવા મળે છે. તેમની ભજન રચનાઓમાં ભક્તિતત્વ, ગુરુમહિમા ભાવ, યોગસાધના માર્ગભાવ, ઉપદેશભાવ અને અલખધણીની ઉપાસનાનો માર્ગ જોવા મળે છે. ઝબુબાઈની કવયિત્રી તરીકેની પ્રતિભાનો ઉત્તમ ઉન્મેષ તેમની વાણીમાં ગુરુમહિમા આગવી રીતે વ્યક્ત કરેલો જોવા મળે છે .તેમના ભજનોમાં ગુરુભાવ મુખ્ય પ્રેરકબળ રૂપે રહ્યો છે. દાસી ઝબુબાઈ તો શિક્ષણના અજવાળા પામેલા કવયિત્રી છે. તેથી તેમની ભજનવાણીમાં નક્કર અનુભૂતિથી ભરેલી અને આત્મજ્યોતનું દર્શન કરાવે છે. ભજનવાણીમાં ચાર બાહ્ય અંગોમાં એક અંગ તો ગુરુમહિમા છે. વાણીના ચાર પ્રકારોમાં પણ એક પ્રકાર ગુરુમુખી વાણી છે. દાસી ઝબુબાઈએ સદગુરુ સવારામ સાહેબને પ્રત્યક્ષ ગુરૂરૂપે મેળવીને પરમતત્વરુપે ગુરુજીની વંદના કરતી વાણી વ્યક્ત કરેલી જોવા મળે છે. સંતપરંપરાનો શુદ્ધભાવ ભજનરૂપે વ્યક્ત થયેલો છે. આ સંતપરંપરા ગુરુ 'પરમતત્વ' નો પર્યાય બની રહી છે. ભજન દ્વારા જ પરમતત્વને પામેલા સદગુરુ જ્યારે અધિકારી શિષ્યને માર્ગ બતાવે છે. ત્યારે તે વાણીમાં પ્રગટ થાય છે .આ રીતે દાસી ઝબુબાઈની રચનાઓમાં પદ- ભજન દ્વારા ગુરુમુખી વાણી નો ભાવ વ્યક્ત થયેલો જોવા મળે છે. દાસી ઝબુબાઈની ચાર ભજન- પદ- રચનામાં ગુરુમહિમા પ્રગટ થતો જોવા મળે છે .આ ચાર રચના 'બ્રહ્મનિષ્ઠ ભક્ત

 ISSN: 2349-6002

સવારામ કૃત કાવ્ય'નામના ગ્રંથમાં જોવા મળે છે. જે રચનાઓ નીચે મુજબ છે જુઓ :

ભજન-૧

મેરે સત્ ગુરુ દાતા દુઃખમાં પોકારે દાસી તારી
અબળાને લેજો ઉગારી મેરે સત્ ગુરૂ દાતા, દુઃખમાં પોકારે દાસી તારી ટેક
મેરે સત્ ગુરુ ગુરૂ દાતા અંગ અમારું ઘડ્યુ અવગુણકારી
    એબ અમુમાં છે સારી; મેરે-૧
મેરે સત્ ગુરુ દાતા બુડતાં બચવાની બીજી નથી બારી
    તત્પર કરજો તૈયારી; મેરે-૨
મેરે સત્ ગુરુ દાતા બેગમ અબળા હું તો નઠોર નારી
    હવે સુધ લેજો બ્રદને સંભારી; મેરે-૩
મેરે સદરૂર દાતા દાસી ઝબુને નવ રાખો ન્યારી
અલખજી ઓથે છું તમારી; મેરે-૪

ભજન-૨

પારસને શું કરીયે રે, ગુરૂજી મારા પુરા મણી
જેણે અમુલ્ય વસ્તુ આપી રે, શોભા તેની શું કહું ઘણી.....ટેક
આ વસ્તુ ઉપર હું તો સૌને વારૂં, કલપતરૂને કામધેન
અષ્ટ સીધીને નવ નીધીને વારું, ધન ધન ગુરૂજીનાં વેણ
અમર રસ પાયો રે, ગુરૂજીએ મુને રાંક ગણી-પારસ-૧
અજ્ઞાનીને લોઢુ કહીયે, જ્ઞાની તે પારસ ખાણ
પારસસ્પર્શે લોઢુ કંચન થાય છે, તેનાં મુખથી શું કરીયે વખાણ
હરી હીરો ભેટ્યો રે, થાશો હવે પારસ મણી-પારસ-૨
એ વસ્તુથી બન્યા પવનને પાણી, નીપજ્યાં ધરતી અગનીને આકાશ
અવીચળ વસ્તુ મારા ગુરૂએ આપી, બાકી સર્વેનો નાશ
શેષ શંકર સરખા રે, જેનું નામ રહ્યા છે ભણી-પારસ-૩
ગુરૂચરણ પંકજ પુજતા રે, ચૌદે ભુવન પુજાય
સદ્દગુરૂ ચરણ પ્રતાપથી, દીન ઝબુ ગુણ ગાય
ગુરૂ ગોવિંદ સરખા રે, સૌના માથે શીરોમણી-પારસ-૪

પદ-27

માન બડાઈ તું મેલી દે બંદા, સદગુરૂ વિના સુખ નહિ થાવે;
સમજીને જા સદગુરૂ ચરણમાં, તો દીનબંધુ દયા લાવે.....ટેક
જનમ મરણ મહા દુઃખને ટાળે, અગમ નિગમ કરાવે
નેકીના કરતા ખુબીના ખાવન, ભવ બંધનથી છોડાવે-૧
ગુરૂ વિના સિદ્ધ જો થાવે તો, કર્તા પુરૂષ ગુરૂચરણે શીદ જાવે
ઈંડામાં અમર બોધ સુણ્યો, તોય ગુરૂ વિના જ્ઞાન નહિ થાવે-૨
જનક વિદેહીને ગુરૂ કીધા, સપ્ત દીવસ બહાર ઠહેરાવે
સદગુરૂ શાને પોતે સિધ્યા, પરિક્ષીત મોક્ષ પમાવે-૩
સગુરૂ મળીયા ફેરા ટળીયા, સુખ સાગરમાં ઝીલાવે
દોઈ કર જોડી દાસી ઝબુ કહે, ગુરૂ વિના પાર નહિ પાવે-૪

ભજન-૫

સવારામ સંસાર આવ્યા અનેક જીવોને ચેતાવ્યા
    સજીવન મંત્ર સાહેબે બતાવ્યા રે; શુરવીર સાધુ-1
પીપળી મધ્યે વાસો કીધો પ્રજાપતિ ઘેર અવતાર લીધો
    ચાર વેદનો સાર દીધો રે; શુરવીર સાધુ-૨
કહું છું અકથ કહેણી ઉઘાડી હીરાની ખાણી
    જીભ્યા થકી નથી ગવાણી રે; શુરવીર સાધુ-૩
ગુપ્ત છે ગગનમાં બારી પારખને મન બહુ જ પ્યારી
    બુદ્ધીબાઈ ત્યાં રહ્યાં હારી રે; શુરવીર સાધુ-૪
હારી ત્યારે હરી આવ્યા મોતી ફળ મેવા લાવ્યાં
    પ્રેમેથી પરસાદ પાયા રે; શુરવીર સાધુ-૫
પ્રસાદ પાતાં લાગી માયા નહી જાવા દઉં જદુરાયા
    શીરપર કરોને છાયા રે; શુરવીર સાધુ-૬
નીજાનંદ અખંડ સુખ દીધાં પ્રેમેથી પરણેતર કીધાં
    મનડાં મારાં હરી લીધાં રે; શુરવીર સાધુ-૭
પારખને પરમાણુ આપે સંશય શોક સરવે કાપે
    પોતાની છબી પોતામાં છાપે રે; શુરવીર સાધુ-૮

દાસી ઝબુબાઈના ભજન ૧-૨માં સદગુરુને દાસિત્વભાવથી આ ભવસાગના બંધનમાંથી ઉગારવા માટેની આરાધના કરેલી જોવા મળે છે. સદગુરુની કૃપાથી અને તેમની જ્ઞાનદ્રષ્ટિથી વૈરાગ્યનો ભાવ જાગૃત થતાં સદગુરુના ચરણમાં આવીને જન્મ- મરણના દુઃખમાં પોકાર કરે છે. અને કહે છે:

મેરે સદગુરુ દાતા દુઃખમાં પોકાર દાસી ,તારી અબડળાને લેજો ઉગારી,

આ ભજનમાં સદગુરુએ આ સંસાર ચક્રમાં જોવા મળતી દુઃખ દરિદ્રતાનું અંધારુ દુર કરીને, જ્ઞાનના અજવાળાને પાથરવાની આર્દ્રતાભાવે વિનંતી કરેલી જોવા મળે છે. આ સંસારના દુઃખ જોઈને હું તમારા ચરણોમાં આવેલી છું. તો હે સદગુરુ! આ દાસીનો ઉદ્ધાર કરવો એ આપના હાથમાં છે. આ ભજનમાં 'અબળા' એવો શબ્દ વપરાયેલ છે. એ અબળા એટલે મારી પાસે વિદ્યા, જ્ઞાન, ભક્તિ, સેવા, ધર્મ, પૈસા વગેરેનું બળ નથી એવો ભાવ વ્યક્ત થયો છે. તો આપ જ મુક્તિ - જ્ઞાનના દાતા રહેલા છો .આપ જ મારા જેવા પામર જીવોને ઉગારી શકો છો. અમારા જેવા જીવોનો ઉદ્ધાર કરવો એ તમારા માટે કોઈ મોટી વાત નથી અલબત્ત આપ જ તારણહાર રહ્યા છો તેઓ સમર્પણ ભાવ વ્યક્ત કરેલો જોવા મળે છે. આટલું જ નહીં દાસી ઝબુબાઈએ નારી જીવનની વિડંબણા વ્યક્ત કરીને સદગુરુને 'પારસમણી'ની ઉપમા આપીને શરણાગત વત્સલભાવ વ્યક્ત કર્યો છે. જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ પણ સુવર્ણ બની જાય તેમ આપનું શરણ લેવાથી અલબત્ત આપના જ્ઞાનસ્પર્શથી મારો ઉદ્ધાર થઈ શકે માટે હે ગુરુજી મારો દાસત્વભાવ સ્વીકારીને મારો ઉદ્ધાર કરજો. આ જન્મ- મરણના ભયમાંથી મને ઉગારો એ વાત  આ ભજનમાં રહેલી  જોવા મળે છે.

મેરે સતગુરુ દાતા દાસી ઝબુને નવ રાખો ન્યારી, અલખજી ઓથે છું તમારી; મેરે -૪

આ ભજનની છેલ્લી પંક્તિ રહેલી છે જેમાં દાસી ઝબુબાઈ સદગુરુ સવારામ બાપાને કહે છે કે - આ દાસીને આપની સેવાથી અને પ્રભુભજનથી ઘડીવાર પણ જુદી ન રાખશો. જુગ- જુગ આપનો ઓથ- આધાર મળી રહે એવો ભાવ વ્યક્ત કરીને ભક્તિ કરવાનું વરદાન આપવાનું કહે છે.

અહીં જેમ પૃથ્વી ગંધને છોડતી નથી, આકાશ ધ્વનિને છોડતો નથી, ફુલ સુગંધ ને છોડતું નથી ,એમ ભવોભવ મને પ્રભુ ભજનથી તમારા ચરણોમાં રાખવાની દયાદૃષ્ટિ વ્યક્ત કરેલી છે.આ પદમાં દાસી ઝબુબાઈની ગુરુ પ્રત્યેની પ્રબળ જીજ્ઞાષાથી પૂ. સવારામ બાપાએ તેમનો સ્વીકાર કરેલો તેવું આ ભજન દ્વારા સ્પષ્ટ થાય છે. પૂ. બાપાએ દયાદ્રષ્ટિ રાખીને વેદ વહીત કર્મ મુખ્ય રાખી ત્રીજુ નિષ્કામ કર્મ આપ્યું. જેમાં કર્મ કરતા પણ કર્મ ન લાગે એવો અમર જાપ 'અજપા' ગાયત્રી આપી. તેનાથી નિર્માણ પદની પ્રાપ્તિ થયેલી અને ભક્તિના પરમધામને પ્રાપ્ત કરેલું તેવું આ ભજન દ્વારા જોવા મળે છે. એટલે જ ભજન ૩ માં ગુરુ પ્રાપ્તિ પછીનો પરમ ગુરૂમહિમા વ્યક્ત થયેલો જોવા મળે છે. સદગુરુનું શરણ મળતા જેમ ઉનાળાથી ત્રસ્થ થયેલી ધરતીને વર્ષાજળની પ્રાપ્તિથી તૃપ્તિ થાય છે. એમ અહીં ગુરુને પારસમણી અને ઝળહળ પરમ જ્યોત જેવા મણી કહ્યા છે જુઓ :

પારસને શું કરીએ રે ,ગુરુજી મારા પુરા મણી

આ ભજનમાં દાસી ઝબુબાઈએ સદગુરુ સવારામ બાપાને પારસમણી કરતાં પણ ઝળહળ પ્રકાશ આપતાં મણી તરીકે મારા ગુરુ રહેલા છે તેઓ ભાવ પ્રગટ કર્યો છે. સદગુરુ પાસેથી જે વસ્તુ મને મળી છે તે અનમોલ અને અમુલ્ય વસ્તુ  છે. કે જેનું મૂલ્ય જ ન થાય. એ વસ્તુને કોઈ રૂપમાં વર્ણવી શકાય તેમ પણ નથી. જેમ જ્ઞાનના પ્રકાશને વર્ણવી ન શકાય તેમ. દાસી ઝબુબાઈ બીજી પંક્તિમાં કલ્પતરું અને કામધેનું કે અષ્ટસિદ્ધિ - નવનિધિ કરતાં પણ ગુરુજીના વચન-વેણનું મહત્વ વિશેષ રહેલું છે. એમ

 ISSN: 2349-6002

બતાવે છે. સદગુરુ એ જે જ્ઞાનનો અમર રસ પીવડાવ્યો છે. તેનો જોટો ક્યાંય જડી શકે તેમ નથી. ત્રીજી અને ચોથી પંક્તિમાં ગુરુજીમહિમા દર્શાવતા કહે છે કે જેને કોઈ જ્ઞાન જ નથી એ લોઢા સમાન છે. જો કંચન સમાન ગુરુનો પારસ સ્પર્શ થાય તો લોઢું પણ કંચન થઈ જાય છે. તેમ સદગુરુની કૃપા થાય તો અમર પદને પામી શકાય. ગુરુ વચનથી જગતનું ભાન થયાનું દર્શન આ પંક્તિમાં થાય છે. એ પરમ વચન થકી પવન- પાણી, ધરતી- આકાશને અગ્નિ ઉત્પન્ન થયા અને જેના ગુણગાન ગાતા ખુદ શેષનારાયણ અને શંકર ભગવાન પણ થાકતા નથી, અપાર અને અદ્વિતીય આવો મહિમા મારા ગુરુજીનો રહ્યો છે. તેવો ભાવ વ્યક્ત કરીને ભજનના અંતિમ ચરણમાં સૌના પારસમણી રૂપે રહેલાં ગુરુજીની વંદના કરીને ધન્યતા અનુભવે છે જુઓ:

ગુરુચરણ પંકજ પુજાય રે ચૌદે ભુવન પુજાય,
સતગુરુ ચરણ પ્રતાપથી, દીન ઝબુ ગુણ ગાય

તો પદ -૨૭ પરજ રાગમાં મુકાયેલું છે. તે પદમાં પણ ગુરુનો મહાત્મય રહેલો જોવા મળે છે. ગુરુજીને જીવનના તારણહાર કહ્યા છે. સદગુરુના શરણે કેવા ભાવથી જવું જોઈએ તેનો નિર્દેશ નીચેની પંક્તિમાં જોવા મળે છે. જુઓ

માન બિડાય તું મેલી દે બંદા, સદગુરુ વિના સુખની થાવે;

ગંગાસતી જેમ કહે છે. તેમ 'માન રે મૂકીને તમે આવો મેદાનમાં' એમ અહીં દાસી ઝબુબાઈ પણ અહમ્ તત્વ મૂકીને, સદગુરુના ચરણમાં આવો સદગુરુના ચરણમાં આવવાથી તે સતધર્મનો ઉપદેશ આપે છે. એટલું જ નહીં જન્મ-મરણના મહાદુ:ખ છે તેમાંથી ઉગારીને અગમ-નિગમનો ભેદ સમજાવે છે. આ ભવબંધનમાંથી છૂટવા માટેનો એક માત્ર માર્ગ સદગુરુ જ બતાવી શકે તેવો મર્મ આ પદમાં વ્યક્ત થયેલો જોવા મળે છે.

ઈંડામાં અમર બોધ સુણ્યો ,તોય ગુરુ વિના જ્ઞાન નહીં થાવે

બીજી પંક્તિમાં સુખદેવજી મહારાજને માયાનું આવરણ છોડાવવા માટે જનક વિદેહી સદગુરુ તરીકે ઉપદેશ આપે છે. અને આ સદગુરુના ઉપદેશથી સુખદેવજી મહારાજ સર્વ રીતે જ્ઞાની – સિદ્ધપુરુષ બની શકે કેમ કે, સુખદેવજી પણ સાત દિવસ શ્રીમદ્ કથામૃત સાંભળીને પરીક્ષિત મહારાજને મોક્ષના અધિકારી બનાવે છે. એ સર્વેનું મુખ્યતત્વ સદગુરુ જ રહેલા છે. તેમના ઉપદેશથી જ પરમતત્વને પામી શકાય છે. તેથી સદાય તેમનું નામ સ્મરણ કરવું જોઈએ. તેઓ મત દર્શાવેલો જોવા મળે છે. જુઓ:

સતગુરુ મળ્યા ફેરા ટળીયા, સુખ સાગરમાં ઝીલાવે
દોઈ કર જોડી દાસી ઝબુ કહે, ગુરુ વિના પાર નહીં પાવે-૪

આ પંક્તિમાં દાસી ઝબુ કહે છે કે, સદગુરુ તો આત્મા અને પરમાત્મા વચ્ચેનો ભેદ ટાળીને સૃષ્ટિના,પરબ્રહ્મના,માનવજીવના દરેક રહસ્યને દર્શાવી નીજ આત્મજ્યોત જગાડી આપે છે. સદગુરુ એ આપણા મનમાં પડેલા કામ, ક્રોધ, લોભ, મોહ ઈત્યાદિને દૂર કરીને સદગુરુની સુવાસ અર્પનાર તત્વ ગુરુ રહેલા છે .રંગ, રૂપ, ગંધ, સ્પર્શ શબ્દ વગેરે ઇન્દ્રિયગ્રાહ્ય તત્વથી ક્ષણમાં દૂર કરીને એક નામ સ્મરણની પરમ પાવનકારી જીવનનૌકામાં બેસાડવાનું ભગીરથ કાર્ય કરનારા ગુરુ જ રહેલા છે. તેવા ભાવ મોટાભાગના ભજનોમાં વ્યક્ત થયેલો છે. તે તત્વ બાહ્ય દેહ કરતાં આંતરજગતને સ્પર્શ કરનારું તત્વ છે. દાસી ઝબુબાઈએ સદગુરુનો મહિમા અપરંપાર રીતે ગાયને 'આધારતત્વ' તરીકે ગુરુનો મહિમા અનેરી રીતે વ્યક્ત કરતાં જોવા મળે છે.

સવારામ સંસારમાં આવ્યા અનેક જીવોને ચેતવ્યા

દાસી ઝબુબાઈ આ ભજનમાં ગુરુમહિમા ગાતા કહે છે કે, પૂ. સવારામ બાપા આ સંસારમાં આવ્યા મારા જેવા અનેક અપાર જીવોને ઊગારીયા, જન્મ- મરણનો ભેદ સમજાવ્યો, આત્મા-પરમાતાની ઓળખ બતાવી, ગુરુ ઘરની શાન સમજાવી સાચા સુખની પ્રાપ્તિ કરાવી. દાસી ઝબુને આ જગતના ભવબંધનમાંથી મુક્ત કરીને એક નામ સ્મરણની

 ISSN: 2349-6002

નૌકામાં બેસાડી અખંડ આનંદની સિદ્ધિ આપી. જ્ઞાનની લ્હેરખીને પ્રગટાવનારા સદગુરૂ છે. તેથી ગુરૂ અને ગુરૂના તત્વમાં લીન બનીને સદાય તેમના ચરણોની સેવામાં રહેવાથી સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે. તેવો ભાવતેમના ભજનોમાં પ્રગટ થાય છે. જુઓ:
સવારામ સ્વામીની ચેલી પ્રેમ ઝબુ છે ઘેલી
જ્ઞાન કેરી નદીયું રેલી રે; શુરવીર સાધુ-૧૦

આ જ્ઞાનદિપને પ્રજ્વલિત કરનાર ગુરુ શિષ્યના વ્યક્તિત્વને યોગ્ય ઘાટ અને આકારનું નિર્માણ કરનાર તત્વ બંને છે.એ રીતે શિષ્યને પોતાના કઠોર જણાતા શાસન નીચે રાખીને, કડક નિયમોનું પાલન કરાવીને, સાથોસાથ પોતાની કૃપા અને ઉદારતા , હૃદયની કોમળ ઋજુતાથી પીઠ પસવારતા જઈને યોગ્ય માર્ગદર્શન આપે છે. નામ સ્મરણનો મહિમા બતાવી ગુરુ પ્રત્યે નિષ્ઠા રાખીને કરેલ ભક્તિમાં લીન થઈ જવાની વાત આ ભજનમાં પ્રગટ થાય છે .સદગુરૂની કૃપાદ્રષ્ટિથી જ આ ભવબંધનના ઝાળામાંથી જીવને મોક્ષ તરફ દોરી જવાની તાકાત મળે છે. ગુરુ જ અજ્ઞાનીને જ્ઞાની બનાવનારું તત્વ રહેલું છે.

કવયિત્રી દાસી ઝબુબાઈના ચાર ભજન-પદમાં આ પ્રકારનો ગુરુમહિમા વ્યક્ત થયો છે. ગુરુને મુક્તિદાતા, તારણહાર, સર્વ સુખના દાતા, જીવનનૌકાના નાવિક, બુડતાને બાવડુ ઝાલીને ઉગારનાર, પારસમણીના મણી, અમાપ અને અદ્વિતીય પરબ્રહ્મના દર્શન કરાવનાર, મનના આવરણોને દૂર કરીને પરમ પદની પ્રાપ્તિ કરાવનાર, ઐશ્વર્યથી નિર્વાણપદ અપાવનારા સર્વશ્રેષ્ઠ ભક્તિદાતા-મુક્તિદાતા તરીકે ભજનોમાં અભિવ્યક્ત કરેલા જોવા મળે છે.

સંદર્ભ ગ્રંથ :-

[1] ગંગાસતીનું આધ્યાત્મ દર્શન, ભાણદેવ, બીજી આવૃત્તિ-૨૦૦૩,પ્રવીણ પ્રકાશન, રાજકોટ.
[2] પ.પૂ.બ્રહ્મનિષ્ઠ સદગુરુ શ્રી સવારામ સાહેબની અમરધારા, શ્રી મહાદેવજીભાઈ ખીમજીભાઈ, પંદરમી આવૃત્તિ, વિ.સં ૨૦૮૦ ચૈત્ર સુદ-૧૫, પ્રકાશન શ્રી રામદેવપીર મંદિર, પીપળીધામ.
[3] બ્રહ્મનિષ્ઠ ભક્ત સવારામ કૃત કાવ્ય, દેવજીભાઈ ચકુભાઈ વેકરીયા, બાવીસમી આવૃત્તિ વિ. સં ૨૦૭૭ , પ્રકાશન શ્રી રામદેવપીર મંદિર, પીપળીધામ.